**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૨.૭ ડીગ્રી
લઘુતમ : ૧૦.૨ ડીગ્રી
ભેજ
સવારે ૭૪ ટકા ● સાંજે ૩૩ ટકા

# વાવોલમાં ધમધમતા જુગારના અડ્ડા પર પોલિસનો દરોડો

## બાજી માંડીને બિન્દાસ્ત બેઠેલા મુંબઈના આઠ શકુનીઓ પોલિસના હાથે ઝડપાયા

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરને અડીને આવેલા વાવોલ ગામમાં સ્થિત સિધ્ધાર્થ ફાર્મમાં ગઈ કાલે સેકટર-૭ પોલિસે દરોડો પાડી ખુલ્લેઆમ બાજી માંડીને બેઠેલા આઠ શકુનીઓને દબોચી લીધા હતા. પકડાયેલા આઠેય શકુનીઓ મુંબઈના હોવાનું બહાર આવ્યું છે. સે-૭ પોલિસે મુદ્દામાલ જપ્ત કરીને આઠેયની ધરપકડ કરી લઈને ફાર્મ કોણે આપ્યું હતું અને કોણ અડ્ડો ચલાવતું હતું તે સહિતની તપાસ શરુ કરવામાં આવી છે.

સેકટર-૭ પી.આઈ. જે.બી. પંડીતની સુચનાથી તેમની ટીમ દારૂ-જુગારની પ્રવૃત્તિઓ ડામવા સક્રિય છે દરમિયાન ગઈ કાલે સે-૭ પોલિસ મથકની સર્વેલન્સ સ્કવોર્ડ પેટ્રોલીંગમાં હતી ત્યારે હેડ કોન્સ્ટેબલ પુષ્પેન્દ્રસિંહને બાતમી મળી હતી કે વાવોલ ગામના સિધ્ધાર્થ ફાર્મ હાઉસ ખાતે ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો ટોળુ વળીને જુગાર રમી રહ્યા છે. આ બાતમી આધારે ટીમે દરોડો પાડતા નાસભાગ મચી જવા પામી હતી. પોલિસે કોર્ડન કરીને આઠ શખ્સોને રૂ. ૧૩,૦૬૦ના રોકડ મુદ્દામાલ સાથે દબોચી લઈને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલિસે મુંબઈના આઠેય શખ્સો નરેન્દ્ર રામલુભાયા રાજપુત, જુબેરઅલી તેસરઅલી પઠાણ, સમદખાન અચ્છાનખાન પઠાણ, રાજેશ રામસુમેર પ્રસાદ, આનંદ અયપ્પા ગલવે, સલમાન સદાકતખાન પઠાણ, મોતી રામકિશોર પ્રજાપતિ અને મહેમદઅલી રજાખાન પઠાણ મળી આઠેય શખ્સોની ધરપકડ કરી આ જગ્યા કોણે બેસવા આપી હતી અને અડ્ડો કોણ ચલાવતું હતું તે સહિતની તપાસ આરંભી છે.



# ચિલોડા પ્રાથમિક શાળા ખાતે શહિદદિનની ઉજવણી

ચિલોડા, તા.૩૦

૩૦મી જાન્યુઆરી મહાત્મા ગાંધીજીના નિર્વાણ તથા શહીદદિન નિમિત્તે ચિલોડા પ્રાથમિક શાળાના પટાંગણમાં ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં પ્રાણનું બલિદાન આપનાર શહીદોના માનમાં સવારે ૧૧ કલાકે બે મિનિટનું મૌન પાળી સાચી શ્રધ્ધાંજલિ આપી શહીદવીરો પ્રત્યેનું ઋણ અદા કરવા બાળકોએ સામુહિક મૌન અને સમુહ પ્રાર્થના કરી શહિદદિનની ઉજવણી કરી હતી.

ગાંધીનગર શહેરમાં શિયાળાના અંતિમ દિવસોમાં પણ હાડ થીજાવતી ઠંડીનો સામનો નાગરીકોને કરવો પડી રહ્યો છે. ત્યારે શહેરમાં ફુટપાથ પર રહેતા શ્રમિક પરિવારોની હાલત કફોડી બની જાય છે. ત્યારે શહેરના સેવાભાવી યુવકો દ્વારા શ્રમજીવી પરિવારના સભ્યોને ગરમ ધાબળા ઓઢાડીને હુંફ પુરી પાડી હતી. જયારે કડકડતી ઠંડીમાં ગરમ ધાબળા રૂપી હુંફ મળતા શ્રમજીવી પરિવારોમાં પણ હરખની હેલી પ્રસરી ગઈ હતી. જયારે શહેરના યુવાનોની ધાબળા સેવાને પણ બિરદાવવા જેવી ખરી હો...



# શહેરના સૌપ્રથમ સિદ્ધિવિનાયક મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

ગાંધીનગર, તા.૩૦

ગુજરાતના પાટનગર ગાંધીનગરની સ્થાપનાને પાંચ દાયકા જેટલો સમય વીતી ગયો છે. સંસ્કારી નગરી ગણાતા આ શહેરમાં પહેલી વખત ગણપતિ મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું છે. સેકટર-૨૧ના મહારાષ્ટ્ર સમાજ ભવન ખાતે નવનિર્મિત શ્રી સિદ્ધિવિનાયક મંદિરનો પ્રણ પ્રતિષ્ઠા મહોત્સવ ૫મી ફેબ્રુઆરીથી ૭મી ફેબ્રુઆરી સુધી યોજાશે.




શ્રી સિદ્ધિવિનાયક મંદિરના ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે ૪થી ફેબ્રુઆરીને રવિવારના રોજ સવારે ૧૦ કલાકે શ્રીજીની શોભાયાત્રાનું પ્રસ્થાન થશે. આ ઉપરાંત ૫મી ફેબ્રુઆરીના દિવસે દેહશુધ્ધિ પ્રાયશ્ચિત, મંડપ પ્રવેશ, અગ્નિ સ્થાપન, દેવતા સ્થાપન, વાસ્તુ પૂજન તથા જલાધિવાસનું આયોજન કરવામાં આવ્યું છે. છઠ્ઠી ફેબ્રુઆરીના રોજ સ્થાપિત દેવતા પૂજન, હવન, મહાસ્તપન, ધાન્યાધિવાસ અને શૈયાધિવાસ યોજાશે.

શ્રી સિદ્ધિવિનાયક મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ૭મી ફેબ્રુઆરીએ યોજાશે. જેમાં સ્થાપિત દેવતા પૂજન, ગર્ભગૃહ પ્રવેશ બાદ પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવશે તથા પૂર્ણાહૂતિ અને મહાઆરતી બાદ ભકતોને મહાપ્રસાદ પીરસવામાં આવશે. પાટનગરમાં યોજાનાર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં ભાવિક ભકતો ઉપસ્થિત રહીને દર્શનનો લાભ લઈ શકશે.

# સિવિલમાં ઓનલાઈન એપોઈન્ટમેન્ટમાં ગત વર્ષે માત્ર ૮૫ દર્દીઓએ લાભ લીધો

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ઓનલાઈન એપોઈન્ટમેન્ટ સારવાર પ્રોજેકટમાં વર્ષ-૨૦૧૭ દરમિયાન માત્ર ૮૫ દર્દીઓએ જ લાભ લીધો છે. જેથી કહી શકાય કે આરોગ્ય વિભાગના પાયલોટ પ્રોજેકટનું બાળમરણ થયું છે અથવા ગાંધીનગર સિવિલના તંત્ર દ્વારા આ પ્રોજેકટનો પ્રચાર કે પ્રસાર કરવામાં ન આવ્યો નથી. જેથી સામાન્ય નાગરીકો સુધી ઓનલાઈન એપોઈન્ટમેન્ટ સેવાનો લાભ શહેરના દર્દીઓને મળ્યો નથી.આ સેવા હેઠળ સૌથી વધુ લાભ ઓકટોબર માસમાં દર્દીઓએ લીધો છે, જયારે એપ્રિલ માસમાં એક પણ વ્યકિતએ ઓનલાઈન સેવાનો લાભ મેળવ્યો નથી.

રાજયના આરોગ્ય વિભાગ દ્વારા ઓપીડીમાં સારવાર માટે આવતા દર્દીઓને લાંબી લાઈનનો સામનો ના કરવો પડે તે માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન પ્રોજેકટ રજુ કર્યો હતો. જેમાં દર્દી તારીખ અને વાર સહિત કયા વિભાગમાં બતાવવું છે તે નક્કી કરાય છે. આરોગ્ય વિભાગ દ્વારા ડિજીટલ ઈન્ડીયાને સાકાર કરવા તેમજ નાગરીકોનું સશકિતકરણ માટે આ પાયલોટ પ્રોજેકટ ગાંધીનગર સિવિલ તેમજ અન્ય શહેરોમાં શરુ કરવામાં આવ્યો હતો. જેમાં સિવિલની ઓપીડીમાં દરેક વિભાગના એક આગવી રૂમ ડોક્ટર્સ માટે ફાળવવામાં આવી છે. ઓપીડીની સમયાંતર જ ઓપીડી શરુ રાખવામાં આવેલ છે. જેમાં સિવિલમાં એક કલાક માટે રજીસ્ટ્રેશન કરાવેલા દર્દીઓને ડોક્ટર્સ તપાસી જરુરી દવા આપે, જેથી ડોક્ટર્સ અને દર્દીનો બંન્નેના સમયની બચત થાય. ત્યારે ગાંધીનગર સિવિલમાં ગત્ વર્ષ ૨૦૧૭માં માત્ર ઓનલાઈન એપોઈન્ટમેન્ટમાં માત્ર ૮૫ દર્દીઓએ લાભ લીધો છે. જેમાં જાન્યુઆરીમાં -૫, ફેબ્રુઆરી માસમાં-૩, માર્ચ માસમાં-૬, એપ્રિલ માસમાં -૦, મે માસમાં - ૩, જુનમાં -૧, જુલાઈમાં -૨, ઓગસ્ટમાં-૯, સપ્ટેમ્બર માસમાં -૧૮, ઓકટોબર માસમાં- ૧૯, નવેમ્બર માસમાં-૧૮ તેમજ ડિસેમ્બર માસમાં-૧ દર્દીએ લાભ લીધો છે. ત્યારે આ સેવાનો લાભ વધુ માત્રામાં નાગરીકો લે તે માટે તંત્રએ પણ પ્રયાસો હાથ ધરવા જોઈએ.

# રાજયના કુટિર ગ્રામોદ્યોગોના વણાટકામ કારીગરોને તાલીમ અપાઈ

ગાંધીનગર, તા.૩૦

રાજયની કુટિર અને ગ્રામોદ્યોગ વિભાગ હેઠળ કામગીરી કરતાં વંશપરંપરાગત કારીગરોને સરકારની નવી યોજના અન્વયે ઈન્ડેક્ષ્ટ-સી દ્વારા નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ફેશન ટેકનોલોજી-ગાંધીનગર ખાતે તાલીમ આપવામાં આવી હતી. વણાટકામના ૨૫ કુશળ કારીગરોને સ્કીલ અપગ્રેડેશન, આધુનિક સાધનો પુરા પાડવા, ખ્યાતનામ સંસ્થાઓ સાથે સમન્વય દ્વારા રોજગારીમાં વધારો કરવાની નવી યોજનાઓની તાલીમ તથા પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં કુટિર અને ગ્રામોદ્યોગના અગ્રસચિવ અને કમિશનર એ.કે. રાકેશ, કાર્યવાહક નિયામક પી.જી. પટેલ, ઈન્ડેક્ષ્ટ-સી, અરિદમ દાસ, નિયામક તથા કુટિર અને ગ્રામોદ્યોગ કોર્પોરેશનના અધિકારીઓ હાજર રહ્યા હતા.

## ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની કાર્યવાહક સમિતિની બેઠક

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ કાર્યવાહક સમિતિની માસિક બેઠક તા. ૧ ફેબ્રુઆરીના રોજ સંસ્થાના પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિના અધ્યક્ષસ્થાને સાંજે ૪.૦૦ કલાકે સ્વસ્તિક કોમ્પ્લેક્ષ, બીજે માળ, સે-૨૨ ખાતે યોજાશે. આ બેઠકમાં અગત્યની ચર્ચા વિચારણા કરવામાં આવનાર છે. જેમાં સંસ્થાના તમામ પદાધિકારીઓ અને કાર્યવાહક સમિતિના સભ્યોને અચુક હાજર રહેવા સંસ્થાના પ્રવર મંત્રી રમણલાલ શ્રીમાળીએ જણાવ્યું છે.

# જૈન સમાજ દ્વારા શહિદોને શ્રદ્ધાંજલિ





ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરના સેકટર-૨૪ ખાતે આવેલા શ્રી શીતલનાથ જીનાલયની ૧૭મી સાલગીરી પ્રસંગે આચાર્ય હેમચન્દ્રસાગર સુરીશ્વર મહારાજની નિશ્રામાં ધાર્મિક કાર્યક્રમનું યોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં તમામ સંગીત સાધનાને બંધ કરી ભકતોએ બે મિનિટ માટે મૌન પાળી નવકાર ગણ્યા હતા તેમજ ધર્મની સાથે દેશના શહિદો માટે પણ મૌન પાળી તેમનું ઋણ અદા કર્યું હતું. તમામ ધર્મોમાં દેશ માટે મરી મીટતા યુવાનોની શહિદીએ મોટી મહાનતા ગણાય છે. આ પ્રસંગનો સંપૂર્ણ લાભ સ્વ. સુશીલા સુર્યકાંત મહેતા પરિવારે લીધો હતો. શીતલનાથ જીનાલયની સાલગીરી નિમિત્તે પ્રભુની અષ્ટ પ્રકારી પુજા, સત્તર ભેદી પુજા, ધ્વજા રોહણ, સકળ સંઘનું સ્વામી વાત્સલ્ય ભાવના જેવા કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. જેમાં વિશાળ સંખ્યામાં સંઘના સભ્યો તથા સે-૨૪ના કોર્પોરેટર અંકિત બારોટ ઉપસ્થિત રહ્યા હતા.

# આજે આ વર્ષનું પ્રથમ ચંદ્રગ્રહણ

## આજે રૂપાલનું વરદાયીનીમાતાનું મંદિર બપોરે ૨.૩૦ કલાકથી બંધ રહેશે

ગાંધીનગર, તા.૩૦

મંગળવાર તા ૩૧ જાન્યુઆરીના રોજ વર્ષનું પ્રથમ અને સૌથી લાંબુ ખગ્રાસ ચંદ્રગ્રહણ છે. આ ગ્રહણ સાંજે ૫:૧૫ કલાકે સ્પર્શે છે. અને રાત્રે ૮:૪૧ કલાકે મોક્ષ થાય છે. આથી આ ચંદ્રગ્રહણ નિમિત્તે રૂપાલનું વરદાયીની માતાનું મંદિર બપોરે ૨:૩૦ કલાકે બંધ કરી દેવામાં આવશે ત્યાર બાદ બીજા દિવસે રાબેતા મુજબ મંદિર ખુલ્લુ રહેશે. જેની ભકતોએ નોંધ લેવા મંદિરના મેનેજરશ્રી અરવિંદભાઈએ જણાવ્યુ છે.



ગાંધીનગર, તા.૩૦

વર્ષ ૨૦૧૮નું પ્રથમ ચંદ્રગ્રહણ આજે થવાનું છે. આ વર્ષમાં કુલ પાંચ ગ્રહણ થવાના છે. જમાં ત્રણ સુર્યગ્રહણ અને ૨ ચંદ્રગ્રહણ છે. જે સાંજે ૫.૧૫ કલાકથી શરૂ થઈને ૮.૪૧ કલાકે મોક્ષ થશે. વિજ્ઞાન મુજબ આ એક ખગોળીય ઘટના છે. જો કે જયોતિષો અને પંડિતોના મત અનુસાર આ ખગોળીય ઘટના દરમિયાન કેટલાક ધાર્મિક કાર્યો તેમજ દૈનિક કાર્યો ત્યજવા જોઈએ તેમજ દાન-પુણ્યનો મહિમા પણ તેમણે જણાવ્યો છે.

વર્ષની શરૂઆતમાં જ આવી રહેલું પ્રથમ ચંદ્ર ગ્રહણ એ એક ખગોળીય ઘટના છે જેમાં સુર્ય અને ચંદ્રની વચ્ચે પૃથ્વી આવે છે ત્યારે ચંદ્ર ઉપર પડતા સુર્યના કિરણોને પૃથ્વી રોકે છે અને તેમાં તે પોતાની છાયા ઉભી કરે છે જેને ચંદ્રગ્રહણ કહે છે કેટલાક તેને બ્લડમૂન પણ કહે છે. જયારે પૌરાણિક કથા અનુસાર સમુદ્રમંથન સમયે અસુરો અને દાનવો વચ્ચે અમૃત માટે યુધ્ધ થયું હતું. જેમાં અમૃત દેવતાઓને મળ્યું હતું પરંતુ અસુરોએ છીનવી લીધું હતું. અમૃત પરત મેળવવા ભગવાન વિષ્ણુએ સુંદર કન્યાનું રૂપ લઈ અસુરો પાસેથી અમૃત મેળવી લીધું હતું. જેમાં આ અમૃત દેવતાઓને પીવડાવતા હતા ત્યારે રાહુ નામના અસુરે દેવતાઓની વચ્ચે બેસી અમૃત પી લીધું હતું. જેની જાણ ભગવાન સૂર્ય અને ચંદ્રમાને થઈ ગઈ હતી અને તેની પાસેથી અમૃત છીનવી લીધું હતું. જયારે વિષ્ણુ ભગવાને તેની ગરદન સુદર્શનચક્રથી અલગ કરી નાંખી હતી. પરંતુ અમૃત પી જવાથી આ અસુર મર્યા નહી પરંતુ રાહુ અને કેતુ નામના ગ્રહ ઉપર પડીને સ્થાપિત થઈ ગયો જેથી આ ઘટનાના કારણે સૂર્ય અને ચંદ્રમાને ગ્રહણ લાગે છે તેવી માન્યતા છે.

ચંદ્રગ્રહણ સમયે ખુલ્લા આકાશમાં ન નીકળવું જોઈએ જેમાં ગર્ભવતી મહિલાઓ, વૃદ્ધો અને રોગી લોકોએ ખાસ સાચવવું, વળી ગ્રહણ પહેલા અને પછી જ ભોજન કરવું જોઈએ. પૂજા પાઠ કે મંદિરના દ્વાર બંધ કરવા જઈએ જેવી પૌરાણિક માન્યતાઓ છે. જો કે વિજ્ઞાન મુજબ ચંદ્ર, સૂર્ય અન પૃથ્વી સિધી રેખામાં આવી જવાથી આ ઘટના સર્જાય છે. જેમાંથી નીકળતા કિરણો રોગ પ્રતિકારક શકિતને અસર કરતાં હોવાથી ચંદ્રગ્રહણ દરમિયાન સાવચેતી જરુરી હોવાનું જણાવાઈ રહ્યું છે.

# સે-૧૩ના આંતરિક માર્ગો પર ખુલ્લેઆમ છેડતીનો પ્રયાસ

## રસ્તે જતી કિશોરીને રોડ સાઈડ રોમીયોએ બાથ ભીડી દીધી : કિશોરીએ બુમાબુમ કરતા ટોળુ ભેગું થઈ ગયું ને રોમીયોને મેથીપાક ચખાડયો

ગાંધીનગર, તા.૩૦

શહેરના સેકટર-૧૩ ખાતે આંતરિક માર્ગ પર ગઈ કાલે સવારે એક કિશોરી ચાલતા પોતાના ઘર તરફ જઈ રહી હતી ત્યારે તેણીની સાથે ખુલ્લેઆમ છેડતીનો પ્રયાસ થતા ચકચાર મચી જવા પામી હતી. રોડ સાઈડ રોમીયોએ આ કિશોરીને ટાર્ગેટ કરીને અચાનક તેની પાસે દોડી જઈ બાથ ભીડી લીધી હતી. કિશોરીએ બુમાબુમ શરુ કરી મુકતા રહીશો અને રાહદારીઓ દોડી આવ્યા હતા અને ટોળાએ તે શખ્સને પકડીને મેથીપાક ચખાડયો હતો.

મળતી વિગતો મુજબ ગઈ કાલે સવારે શહેરના સેકટર-૧૩ના આંતરિક માર્ગ પર ખુલ્લેઆમ બનેલી આ શરમજનક ઘટનાએ સેકટરમાં ચર્ચા જન્માવી છે અને શહેરની યુવતીઓની સુરક્ષા ઉપર ચિંતા સાથે સવાલો પણ ઉભા કર્યા છે. ગઈ સવારે શહેરની જ એક શાળામાં અભ્યાસ કરતી સગીર વયની વિદ્યાર્થીની ચાલતા ચાલતા સે-૧૩ના આંતરિક માર્ગ પરથી ઘર તરફ જઈ રહી હતી તે દરમિયાન એક વિકૃત યુવાને તેણીને નિશાન બનાવીને તેણીની પાસે દોડી ગયો હતો. અચાનક કિશોરીને બાથમાં લઈ લીધી હતી. હેબતાઈ ગયેલી કિશોરીએ બુમાબુમ કરી મુકતા ટોળું ભેગુ થઈ ગયું હતું અને વિકૃત યુવાનને પકડીને ઢોર માર મારી તગેડયો હતો.

# સરકારી પ્રાથમિક શાળા સેક્ટર-૮ ખાતે પ્રજાસત્તાક દિન નિમિત્તે ધ્વજવંદન કરાયું

સેકટર-૮ની સરકારી પ્રાથમિક શાળા ખાતે પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી હતી. 'બેટી બચાવો, બેટી પઢાવો' ઝુંબેશ અંતર્ગત સેકટર-૮માં અભ્યાસ કરતી દિકરી વૃન્દા ગાંધીના હસ્તે ધ્વજવંદન કરાવીને મહિલા સશકિતકરણને આ પર્વ સાથે જોડવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના બાળકોએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રસ્તુત કર્યા હતા. આ ઉપરાંત શાળાના ૪૦ બાળકોએ પ્રજાસત્તાક દિન નિમિત્તે રામકથા મેદાનમાં પણ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો. સે-૮ની શાળામાં યોજાયેલા આ કાર્યક્રમમાં વસાહતમાં રહેતા નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. વસાહત મંડળ દ્વારા બાળકોને બિસ્કીટ આપવામાં આવ્યા હતા. શાળાના આચાર્યા સ્મિતા જાનીએ બાળકોને પ્રજાસત્તાક દિન વિશે માહિતગાર કર્યા હતા.

## @ગાંધીનગર

● સંત રોહિદાસજીની ૬૪૧મી જન્મ જયંતિ અને સ્નેહમિલન સમારોહ સંત રોહિદાસ મંદિર સે-૬ ખાતે યોજાશે સાથે સવારે ૮ કલાકે શોભાયાત્રા નીકળશે અને બપોરે ધર્મસભા અને ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાશે.

# જીસીઈઆરટીમાં તૃતીય એજયુકેશનલ ઈનોવેશન ફેર યોજાશે

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓના શિક્ષકો, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકો દ્વારા થયેલ શિક્ષણમાં નવતર પ્રયોગો રજુ થનાર હોઈ જીસીઈઆરટી પ્રેરિત તથા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ગાંધીનગર દ્વારા આયોજિત તૃતીય એજયુકેશન ઈનોવેશન ફેર ૨૦૧૭-૧૮ તા. ૧લી ફેબ્રુઆરીના સવારે દશ વાગે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં યોજાશે.

સમારંભના અધ્યક્ષસ્થાને ડૉ. ટી.એસ. જોષી નિયામક જીસીઈઆરટી ગાંધીનગર તથા કૃષ્ણકાન્ત જહા-તંત્રીશ્રી ગાંધીનગર સમાચાર ઉદઘાટન કરશે. અતિથિ વિશેષ પદે બી.સી. સોલંકી સચિવશ્રી જીસીઈઆરટી ગાંધીનગર ઉપસ્થિત રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી એસ.એમ. બારડ-ગાંધીનગર, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી એન.એમ. રાઠોડ, આઈ.વી. પટેલ પ્રાચાર્ય ડાયટ ગાંધીનગરે કાર્યક્રમને સફળ બનાવવા નિમંત્રણ પાઠવેલ છે.

# અનૂસૂચિત જાતિની યોજનાઓને રાજયના અંદાજપત્રમાં સમાવવા માંગણી

ગાંધીનગર, તા.૩૦

ડેમોક્રેટીક પીપલ્સ એસોસિએશન ગુજરાત ગાંધીનગરના પ્રમુખ ભાનુકાન્ત પરમાર તથા પદાધિકારીઓએ અનૂસૂચિત જાતિના શૈક્ષણિક વિકાસ માટેની યોજનાઓમાં સુધારા કરીને નવા અંદાજપત્રમાં સમાવવા માંગણી કરેલ છે.

ડૉ. આંબેડકર લોન-સ્કોલરશીપની મર્યાદા વધારી રૂ. ૨૫ લાખ વ્યાજ મુકત કરવી અને લોન-સ્કોલરશીપની સંખ્યા વધારવી.

ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ જેવી ઉચ્ચ શૈક્ષણિક સંસ્થામાં શૈક્ષણિક સ્ટાફમાં અનૂસૂચિત જાતિનું પ્રમાણ ન હોવાથી આ અંગે દોઢ કરોડ જેટલી વ્યાજમુકત લોન આપી પરદેશની યુનિ.ઓમાં પીએચડીની ડીગ્રી મેળવવા મોકલવા માટેની જોગવાઈ કરવી.

પોસ્ટ પ્રિ મેટ્રીક શિષ્યવૃત્તિમાં આવક મર્યાદા વધારવી. ખાનગી શાળામાં અનૂસૂચિત જાતિ તથા પછાત વર્ગના ગરીબ વિદ્યાર્થીઓનો શાળા પ્રવેશોત્સવ યોજવો. તબીબી પ્રેકટીસ માટે લોન આપવા આપવી જોઈએ તેવી રજુઆત કરેલ છે.

## ચિરવિદાય

- સ્વ. ઈશ્વરલાલ વિઠ્ઠલજી દિક્ષિત, ઉ.વ. ૭૯
- સ્વ. પ્રજાપતિ રામદાસ સોમદાસ, ઉ.વ. ૮૨
- સ્વ. ગફુલબા મનુસિંહ રાઠોડ, ઉ.વ. ૬૫
- સ્વ. ઠાકોર લક્ષ્મણજી બબાજી, ઉ.વ. ૭૮
- સ્વ. પટેલ હિરાબેન કચરાભાઈ, ઉ.વ. ૮૦
- સ્વ. પટેલ જશુભાઈ સનાભાઈ, ઉ.વ. ૬૪
- સ્વ. ગંગાબેન ઈશ્વરભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૯૦
- સ્વ. દયાબેન દુર્લભભાઈ પરમાર, ઉ.વ. ૮૦